R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

September - 2015

Total - 36 Pages

Vol No. 59 Issue No. 6

**જય ગણેશ ગણનાથ દયાનીધિ,**
**સકલ વિઘ્ન કર દૂર હમારે....**
**પ્રથમ ધરે જો ધ્યાન તૂમ્હારો,**
**ઉસકે પૂરન કારજ સારે.....**



બધા દેવોથી અલગ દેખાતા ભગવાન ગણેશજીને શુભ અને માંગલિક પ્રસંગોમાં તેમજ શ્રધ્ધાળુઓ કંઈ પણ નવું કરવા જાય ત્યારે આ દાદાને અચૂક યાદ કરે છે. આજે ગણપતિ બાપા મોરિયાની ધૂનો લગાવતા દાદાને અરજ કરીએ, હે ! દાદા તારી ભક્તિ કરવાની લાયકાત અમને આપ અમને સુમતિ આપ

**ગણપતિ બાપા મોરયા**

2nd Cover Page

# વાર્ષિક રસોત્સવ

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

**શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (ધરીવાલા)**

**પુરસ્કૃત**

## ૬૪મો વાર્ષિક રસોત્સવ

**મુખ્ય મહેમાન**

**શ્રી પ્રવિણચંદ્ર પુનમચંદ કડકીઆ (વલ્લભઘેલા)**

**તારીખઃ** ૨૯-૧૧-૨૦૧૫ , **વારઃ** રવિવાર, **સમયઃ** સવારે ૯ કલાકે

**સ્થળઃ** બીરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ, મુંબઈ - ૪૦૦૦૨૦

વધુ વિગતો આવતા અંકે

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી** **સંયોજક શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

**શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા)પુરસ્કૃત**

**ઉપનગર વિભાગ**

**દાંડીયારાસ**

**તા. ૧-૧૧-૨૦૧૫ને રવિવાર સાંજે ૫.૩૦ કલાકે**

**સ્થળઃ કેવલ બાગ, ફ્લાય ઓવર બ્રીજની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ)**

**ઉંમર પ્રમાણે ગ્રુપ પાડી રમાડવામાં આવશે**

**આ સાથે મણીબેન મણીલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષિક વિતરણ યોજના**

**નર્સરી, કે.જી. અને ધોરણ ૧ થી ૯**

**ઉપનગર વિભાગમાં રહેતા બાળકો માટે રાખેલ છે.**

જેમને માર્કશીટની કોપી ન આપી હોય તે ૧૫-૧૦-૨૦૧૫ પહેલા કોઈપણ સંસ્થાના કાર્યકર્તાઓને પહોંચાડવી.

**૧) શ્રી હેમેન્દ્ર શાહ - ૯૮૨૦૦૧૧૫૮૬** **૨) શ્રી વસંત દેસાઈ - ૯૮૨૧૦૫૪૩૨૯**

**૩) શ્રી અજય દોશી - ૯૮૧૯૩૪૨૮૫૬** **૪) સંસ્થાની ઓફીસ - ૨૩૮૮૭૦૦૬**

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી** **સંયોજક : શ્રી વસંત નટવરલાલ દેસાઈ**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૯ | ૦૬ | ૨૧-૦૯-૨૦૧૫ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / પ્રશાંત પરીખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

✤✤✤

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર-૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

✤✤✤

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

✤✤✤

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


**તંત્રી મંડળ તરફથી**

# રિધ્ધિ સિધ્ધિના દાતા શ્રી ગણેશ

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

હિંદુશાસ્ત્રમાં પંચદેવની પૂજાનું મહત્વ છે. તેમાં પ્રથમ સ્થાન શ્રી ગણપતિનું છે. ભાદરવા મહિનામાં શુક્લ ચતુર્થીના દિવસે ગણપતિ ઉત્સવ થાય છે. કોઈપણ મંગલકાર્યને આરંભે દેવાધિદેવ ગણપતિ ભારતીય ગણતંત્રમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેત્રીસ કરોડ દેવતાઓમાં સૌથી વધુ લોકપ્રિય કોઈ દેવ હોય તો તે છે ગણપતિ. ગણોના અધિષ્ઠાતા, મેધાવી, અનુપમ, નામવંત, સર્વશક્તિમાન અને બ્રહ્મરૂપ ગણેશની એક સુંદર કથા આ પ્રમાણે છે.

બધા દેવો એકવાર કૈલાસ પર્વત પર શિવ અને પાર્વતીને મળવા ગયા. તેમણે દિવ્ય અમૃતમાંથી બનાવેલ એક મોદક એમને આપ્યો. બંને પુત્રો ગણેશ, કાર્તિકેય ત્યાં હતા. તેમણે બંનેએ મોદક માંગ્યો એક જ મોદક હોવાથી પાર્વતીયે કહયું કે તેમના બન્નેમાંથી જે પૃથ્વીની પરિક્રમા કરી પહેલો આવશે તેને મળશે. કાર્તિકેય તો મોરના વાહન પર સવાર થઈને નીકળી પડયા. ગણેશે મા-બાપની પ્રદક્ષિણા કરી તેમને પગે લાગ્યા. કાર્તિકેયે વિચાર્યું કે એ શરત જીતી ગયા છે. જ્યારે પાર્વતીએ સ્પષ્ટતા કરી કે મા-બાપની પ્રદક્ષિણા કરવાથી આખી પૃથ્વીની પ્રદક્ષિણા આવી જાય છે ગણેશને મોદક મળ્યો. ભગવાન શિવે પણ ગણેશને આશિર્વાદ આપ્યા ને કહયું કે ‘લોકો પણ નવું કામ શરૂ કરતાં પહેલાં તારી વંદના કરશે’.

ગણપતિ માનવસમુહના નેતા (પતિ) છે. ગણપતિ જો ગુણપતિ ન બની શકે તો તે નેતા ન જ બની શકે. ગણપતિનું વાહન ઉંદર છે. એ માયાનું પ્રતિક છે. ગણપતિનું પ્રિય ફૂલ લાલ રંગનું (જાસવંતી) છે તે વિચારક્રાંતિનું પ્રતિક છે. માયાને જે વાહન બનાવીને (વશમાં રાખીને) ગતિ કરે છે. તે વિચારોની ક્રાંતિ લાવી શકે છે. ગણપતિનું મોટું કપાળ ભાગ્યનું પ્રતિક છે. સૂપડા જેવા મોટા કાન સમજાવે છે સૌને સાંભળો, બીજાના વિચારો સાંભળતા શીખો. ઝીણી આંખ એટલે હંમેશા કાંતિને જુઓ. લાંબી સૂંઢ ચારિત્ર્યનું પ્રતિક છે. એકદંત પ્રજ્ઞા, બુદ્ધિનું પ્રતિક છે. ગાગર જેવડું મોટું પેટ એટલે સર્વ વાતો, સુખ દુ:ખ તમારી અંદર જ રાખો. ગણપતિને લાડુ-મોદક અતિપ્રિય છે જે સુખની નિશાની છે. અહીં તહીં ઉગી નીકળતા દુર્વા તેમને અતિપ્રિય છે જે કહે છે તમારા ભંડાર, ધન, ધાન્ય થી હંમેશા ભરપૂર રહે. હાથમાં શસ્ત્ર અંકુશ પાશ તેમજ આશિર્વાદ મુદ્રા વિધ્નોને દૂર કરી કલ્યાણકારી માર્ગની સુંદર ભાવનાનું પ્રતિક છે. હંમેશા એકપગ ઉભો રાખીને બેસવું એટલે સતર્કતા, સાવધાનની સ્થિતિ. જરૂર પડયે સંજોગો સામે લડવા સદા તત્પર.

ગણપતિના અનેક અવતારો છે. જેમાં મુખ્ય અવતારો છે. વક્રતુંડ, એકદંત, લંબોદર, વિકટ, વિધ્નરાજ, ધ્રુમવર્ણ, ગજાનન વગેરે મદ્રાસમાં વક્રતુંડ, કલકત્તા પાસે એકદંત, ઓમકારેશ્વર માં લંબોદર, ઋષિકેશમાં વિકટ, કુરુક્ષેત્રમાં વિધ્નરાજ, લ્હાસામાં ધ્રુમવર્ણ, હિમાલય પાંડુ કેસરમાં આ ઉપરાંત કન્યાકુમારી પાસે કૃષ્ણ પિગાક્ષ, ભાલચંદ ધનુષ્ય કોટિ ગણપતિ, ગોકર્ણ જગવકત્ર, ભુવનેશ્વરમાં, કાચીમાં વિનાયક બિરાજમાન છે.

ભાદરવા મહિનામાં જે રીતે શુક્લ ચતુર્થીએ ગણપતિ ઉત્સવની શરૂઆત થાય છે તે રીતે શુક્લપક્ષની ચતુર્દશી (આણંદ ચૌદસે)ના દિવસે પૂર્ણાહુતિ થાય છે. ગણેશ ઉત્સવ દરમિયાન ગણેશ સ્થાપન થાય છે. ત્યાર પછી હંમેશા તેમને ઘરમાં બિરાજમાન રાખવામાં આવે છે. શાસ્ત્ર પ્રમાણે પ્રાણ-પ્રતિષ્ઠા કરેલ પ્રતિમાને સમયસર જગાડવાની ક્રિયા થી શયન સુધીની ક્રિયા પ્રમાણે કાર્ય કરવા પડે છે. નહિતો ઉત્સવ બાદ વિદાય આપવી પડે છે. આ પણ ધાર્મિક વિધિનો એક ભાગ છે. તેથી દશમાં દિવસે ઉત્સવ સમાપ્તિ પછી ગણપતિ દેવને વિદાય આપતાં તેમનું વિસર્જન કરવામાં આવે છે, શાસ્ત્ર પ્રમાણે પાણીને પવિત્ર ગણવામાં આવે છે. હિંદુ વિધિમાં થતાં કોઈપણ ધાર્મિક કાર્યોમાં વપરાતા દ્રવ્યોને, પ્રતિમાનું પણ જળમાં વિસર્જન કરવામાં આવે છે તેથી મૂર્તિના કોઈપણ અવશેષનું ખંડન ન થાય માટે.

અનંત ચતુર્દશીના દિવસે ગણેશની પ્રતિમાઓને શણગારેલી ગાડી, ટેમ્પા, ટ્રક વગેરેમાં મૂકવામાં આવે છે. આગળ ઢોલ, નગારા, મંજીરા, પખવાજ વગાડતાં નાચતા-ગાતા સૌ ગણપતિને વિસર્જન માટે સરોવર, નદી, જળાશય, તળાવ કે સાગર કાંઠે લઈ જાય છે. ત્યાં બધા ગણપતિબાપ્પા મોરયા, પુઢચ્યા વર્ષી લવકર યા' બોલીને ગણેશને આવતા વર્ષે જલદી જલદી આવવાનું આમંત્રણ આપી પ્રતિમાને પાણીમાં પધરાવી દે છે. જયજયકાર જયજયકાર ગણપતિનો જયજયકાર આ જયઘોષ આખી રાત ચાલે છે.

।। वक्रतुंड महाकाय ।।
।। सूर्यकोटि समप्रभ ।।
।। निर्विघ्नं कुरु मे देव ।।
।। सर्वकार्येषु सर्वदा ।।

❖❖❖❖❖

## હાસ્યના ઝરૂખા - દોસ્તી

જિંદગી એટલે શું ? એક ધૂંધળી સાંજ, ૪ દોસ્ત, ૪ કપ ને ૧ ટેબલ, ...

જિંદગી એટલે શું ? એકગાડી, સાતમિત્રોને એક ખુલ્લો લાંબો પહાડી રસ્તો ...

જિંદગી એટલે શું ? એક દોસ્તનું ઘર, વરસાદના ઝાપટાંને વાતોના કડાકા ...

જિંદગી એટલે શું ? શાળાના મિત્રો, ગાપચી મારેલો કલાસ, ૧ કચોરી-૨ સમોસાને બીલ માટે ઝઘડો ...

જિંદગી એટલે શું ? ફોન ઉપાડતાં મિત્રોની સાંભળવા મળતી, મીઠી ગાળને 'સોરી' કહેવા પર મળતી મફતમાં બીજી ગાળ...

જિંદગી એટલે શું ? કાંઈક વર્ષો પછી અચાનક જૂના મિત્રોની યાદ,

૧ એસ.એમ.એસ., ધૂળ લાગેલી કેટલીક સુંવાળી યાદોને આંખમાં આવેલું હલકું શું પાણી...

મૂળ દોસ્તી નો સાંરાંશ

'જિંદગી એટલે માત્ર દોસ્તી ને દોસ્તી એટલે જ જિંદગી આજની'

**- નયના કડકીઆ ધનગેલા -૯૧ - ૯૯૨૦૯૯૦૨૨૮**

## તારલિયા

આભમાં તારલા ટમકયા ન ટમકયા
 સ્વાતિના તારલે ચમકયું તો યે શું ?
સમુદ્રના મોજાઓ ઉતરતા ને ચઢતા
 કિનારે પથ્થર પર લ્હેરી મારી તો યે શું ?
હૃદયની ઉર્મિઓને પાંગરતા ખીલવતા
 હર પળે પળે દિલ ભાંગે તો યે શું ?
સાવરણી જેમ ધરતીને સીંચતા
 અટવાતા પછડાતા ફૂટ મારી તો યે શું ?
જીંદગીનો હિસાબછે ખુલ્લે આમ ભીંજતા
 સરકતા નિરપેક્ષથી જીવ્યા તો યે શું ?
આખિર તો ઈશ્વરના દરવાજા ખુલતા
 સમતાથી નિહાળી પરમને પામવાના શું ?

**- ઈન્દુ રોહિત દેસાઈ**

# સ્વર્ગ કે નર્ક ક્યાં છે?

- શૈલેષ કી. દેસાઈ

દુનિયાના લગભગ દરેક ધર્મમાં સ્વર્ગ અને નર્કની વાત ઉચ્ચારવામાં આવી છે અને એના વર્ણનો પણ કરવામાં આવ્યા છે. માણસ આમ કરે તો સ્વર્ગમાં જાય અને આમ કરે તો નર્કમાં જાય. મતલબ કે માણસ નામના પ્રાણીની મનોવૈજ્ઞાનિક નબળાઈ દરેક ધર્મના સંચાલકો સારી રીતે જાણે છે અને એનો પૂરેપુરો લાભ લઈ માણસને અકળાવી દીધેલ છે.

માર્કટ્રવેઈને કહયું હતું કે 'સ્વર્ગમા પણ લાગવગથી પ્રવેશ મળે છે જો ત્યાં ગુણદોષથી પ્રવેશ મળતો હોતતો ઘણા બહાર રહી જાત'. ડોન માર્કીસે કહયું છે, લોકોને ખબર જ નથી હોતી કે એમને શું જોઈએ છે? તદન નકામી વસ્તુ માટે માણસ નર્કની યાતનામાં પસાર થવા તૈયાર થઈ જાય છે. માણસ મૃત્યુ પછીની ચિંતા કરવામાં માણસ બુઢ્ઢો થઈ જાય છે. માણસને કાળા બજાર, નફાખોરી, કાવાદાવા, ખટપટ આ બધુ જ કરવું છે. અને સાથે સ્વર્ગમાં પણ જવું છે. ખોટા કરેલા કૃત્યોને સરભર કરવાને મનને આશ્વાસન આપવા તે પૂજા પાઠ, જપ-તપ, યજ્ઞ, યાત્રા, યાચના, તિર્થસ્થળો અને માનતા માને છે. છતાં પેલો ભય સતત સતાવે છે સ્વર્ગ મળશે કે નહીં?

કવિઓએ, લેખકોએ, ચિત્રકારોએ તેમજ ફિલ્મી સર્જકોએ પોતપોતાના ખ્યાલ મુજબ સ્વર્ગ અને નર્કના ચિત્રો દોર્યા છે. દાંતનો 'ઈન્ફનો'ના બિહામણા ચિત્રો યુરોપ આખામાં જોવા મળશે. આ નરકના વર્ણનો વાંચ્યા પછી માણસ એની કલ્પનાથી ધ્રુજી જાય પણ પછી વિચાર આવે છે કે પૃથ્વી પર આ દેશમા, આ સમાજમાં પણ માણસ, માણસ પર અત્યાચારો કયાં નથી કરતાં, સ્ત્રીને મારજૂડ, રીબાવવી, જૂલ્મો કરી તેની ઈચ્છા વિરુધ્ધ વાસના સંતોષવી આટલા ત્રાસ આપતા જાય છે.

રાજકપુરની 'આવારા' હોય કે ગુરુ દત્તની 'પ્યાસા' હોય સ્વર્ગ કે નર્કના દ્રશ્યો ઉભા કરવામાં કચાશ રાખી નથી. નિરૂપમાં રોયની ઢગલાબંધ ધાર્મિક ફિલ્મોમાં ઈન્દ્રલોક અને પાતાળ લોકના અત્યંત કઢંગા અને હાસ્યાસ્પદ પ્રસંગો બતાવ્યા છે. સ્વપ્નમાં ગેસ ઉડતો હોય અને ધુમાડાઓ વચ્ચે નાયક-નાયિકા એકબીજાને શોધતા અથડાતા હોય કે પછી કે સાસરે પણ ક્ષણિક મનોરંજન માટે ઉત્તમ ટેકનિશનોને ભેગા કરી કચકડા પર બતાવ્યું છે. આ બધી બીકની લાકડીઓ અને સુખની લાલચો વચ્ચે માણસ હર હંમેશા સારા કાર્યો કરવા પ્રેરાય છે. ધર્મગુરુઓ પણ જાતજાતની વાત અને ઉદાહરણ આપી માણસને સતકર્મો કરવા પ્રેરણા આપતા હોય છે. દરેક ધર્મગુરુઓએ તેની વ્યાખ્યા અલગ કહી છે. કોઈ ધર્મમા બકરી કાપી માંસ ખાઈ ઉજવણી થાય છે તો જૈન ધર્મમાં અહિંસા જ ધર્મ છે તે શિખવવામાં આવે છે કોઈ ધર્મમાં ચાર પત્નીઓ સ્વીકાર્ય છે તો મોટા ભાગના ધર્મો પત્નીને એક પત્ની તરીકે રક્ષણ કરે છે.

ભારતીઓને સ્વર્ગનું વડગણ ઘણું જ છે. લોકો હોમ-હવન પૂજાપાઠ કરે મૃત્યુ પામેલા માટે સગાવ્હાલા જાતજાતની વિધિઓ કરે છે. કાગવાસ કરે ને આત્માને શાંતિ પહોંચે તે હેતુ થી તેવી વિશેષ તેર દિવસ સુધી ને પછી પવિત્ર નદીમાં રાખ પધરાવી ચિત્તને શાંતિનો અનુભવ કરાવે છે.

અરેબિયન નાઈટસ ઘણી વાર્તાઓમાં જન્નતના ચિત્રો આપવામાં આવે છે. સ્વર્ગમાં સુંદર ભોજન મળે અને આપણી ચાકરી માટે અનેક અપ્સરાઓ ફૂલો, સુગંધી દ્રવ્યો લઈ હાજર હોય છે.

માણસે દુન્યવી બાબતોમાં કેટલો રસ લેવો અને અદુન્યવી બાબતોમાં કેટલું ધ્યાન આપવું તેની ગડમથલમાં ગોથા ખાય છે. કોઈપણ બે માણસની માન્યતા સ્વર્ગ માટે સરખી હોતી નથી. વાસ્તવમાં બિન

સાંપ્રદાયિકના સમગ્ર ખ્યાલની ભાવના સાચી જ છે કે દુન્યવી બાબતો પર ભાર મૂકે અને અદુન્યવી કે અધિભૌતિક શક્તિઓ, ચમત્કારો વગેરેમાં વિશ્વાસ ન રાખે. કેલિરોકથી માંડીને માર્કસ સુધીના ફિલ્સુફો આજ વાત સમજાવી ગયા છે કે સ્વર્ગ નર્કના ને પાપપૂણ્યના નામે સદીઓથી માણસો માણસને બનાવે છે. હકિકતમાં સ્વર્ગ-નર્કની ચાવી આપણા હાથમાં જ છે. આ બધી મનની નિર્મળતાની વાતતો હિંદીના પ્રસિદ્ધ સાહિત્યકાર એવા મુનશી પ્રેમચંદજીએ કહી છે 'મન ઉપર માનવીનો કાબૂ એટલે વિકાસ અને કાબૂ ન હોય તો વિનાશ.

સાપ કાંચણીનો ત્યાગ કરે છે પણ વિષનો નહી. બગલો પાણીમાં ઉભો રહી ધ્યાન લગાવે છે પણ મનમાં માંછલી જ હોય છે આમ મનની શુદ્ધતા ન હોય તો ધ્યાન કે તપનો શો ફાયદો ? મન નિર્ણાયક બાબત છે. મનમાં સારા વિચારો હોય તો સુંદર સૃષ્ટિ, સમાજ ને કુટુંમ્બની રચના થઈ શકે, મનુષ્યના હાથમાં જ સ્વર્ગ કે નર્કની ચાવી હોય છે. આપણે આપણાં કુટુંમ્બના સભ્યો સાથે, પડોશી ને મિત્રો સાથે સરળ મનથી વ્યવહાર કરીશું તો સ્વર્ગ ઘરમાં જ ઉભુ થઈ જશે, યોગ્ય સમય ફાળવી મા-બાપની સાથે વાતો કરીશું તો ઘરમાં નંદવંદન વસી જશે. શા માટે મરણ પછીની કલ્પનાઓમાં સમય વ્યતિત કરવો. બાળકો સાથે બેસી ઘરમાં નાની નાની વાર્તાને રમતો રમીશું પ્રેમથી પ્રેમ વધે છે. કોઈ દુઃખીનો સહારો બનીશું, સહકાર આપીશું પણ સ્વાર્થ વગર તો હૃદયને પ્રસન્નતા પ્રાપ્ત થશે. યથા શક્તિ અબુધ્ધ જીવો જેવા કે કાગડાને રોટલી, ગાંઠીયા, કૂતરાને બિસ્કીટ, માછલીને ધાણી આપી આપણું શું ખુટવાનું છે. હાથની ઉદારતાથી મનની ગાંઠો છૂટી થાય છે. કોઈને કશુંક આપી જાણવુ. પત્નિને પણ નાના સારા પ્રસંગે યથા શક્તિ ભેટ આપવી તો ઘરમાં જ સ્વર્ગ નિકાળવા મળશે. તેને નાના કામોમાં મદદ રૂપ થઈ તો આત્મા પ્રસન્ન થશે. સ્વર્ગની અપેક્ષા શા માટે કરવી ? સ્વર્ગ આપળે જ રચવાનું છે.

શ્રીમદ્ભાગવતગીતામાં એક મહાન વાક્ય જે દરેક સાધકના મનમાં ગુંજે છે લે આ મન એજ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે. આ મન આપણને મલિનતા વાસના અને વ્યસનોના બંધનમાં બાંધી શકે અન એ જ મન આપણને ઉચ્ચે માર્ગ લઈ જઈ શકે છે. જે મોક્ષની પ્રાપ્તી કરાવી શકે. માનવીનું મન નિરંકુશ હોય અને અવળે માર્ગે ગતિ કરતુ હશે તો એના જીવનનો નિષ્કૃષ્ટ બનાવી દે છે એજ મન માનવીના મન સત્પથ પર ગતિ કરતું હોય તો એના જીવનને ઉત્કૃષ્ટ બનાવી શકે છે. આથી માનવી પાસે જ સ્વર્ગ અને નર્કની ચાવીઓ છે જે ઘરોમાં વૃધ્ધ મા-બાપનો પોકાર અને વળતો સંતાનોનો પડઘો પ્રેમથી પૂજે છે ત્યાં જ ગંગા સ્થાન ચારધામ છે. ઝવેરચંદ્ર મેઘાણીના શબ્દોમાં આવિ સ્થિતિમાં મન મોર બની થનગનાટ કરે.

❖❖❖❖❖

# સાવધાન રાહદારી...

**રાજેષ કડકીઆ (યુ.એસ.એ.)**

આજનાં ભારતનાં મેગાસીટી મહાનગરોમાં આમ આદમીને સડક પર ચાલવું વિકટ થઈ ગયું છે. એક તો ચીક્કાર વસતી વધારો ઉપરાંત દરેક પ્રકારના વાહનોથી જાણે કે સડકો ઉભરાઈ રહી છે આપણે સહુ જાણીએ છીએ કે સાવચેતી જીવનમાં ડગલે ને પગલે અત્યાવશ્યક છે. સડક પર ચાલતાં કે સડક પાર કરતાં કે રેલ્વે ફાટક સામે પાર કરતાં સાવચેત રહેવું ખૂબ જ જરૂરી છે. આજકાલનાં જમાનામાં લોકો ડગલે ને પગલે વાહનોની સગવડથી એક ટેકાણેથી બીજે ઠેકાણે સમયસર પહોંચવાની લ્હાયમાં કંઈ કેટલીય પરિવહનનાં નિયમોનું ઉલ્લંઘન કરતાં રહે છે.

કોઈપણ જાતનાં અકસ્માત વાહનચાલકની ગફલતનાં હિસાબે થાય છે ત્યારે ક્યારેક રાહદારીતો ક્યારેક અન્ય વાહનચાલક પોતાની કોઈ જાતની સરતચૂકન હોવા છતાંય પારાવાર મુશ્કેલીમાં મૂકાય છે અને ક્યારેક પોતાનો મહામૂલો જાન પણ ગુમાવે છે. આપે કયારેય વિચાર્યુ છે કે સત્તાવાળાઓએ પરિવદનનાં કાયદાકાનૂન સા માટે બનાવ્યા હશે ? મુખ્ય કારણ વાહનચાલક તથા રાહદારીઓ અને અન્ય વાહનચાલકોની જાનમાલની સલામતી.

આપણાં દેશમાં સામાન્ય રીતે પરીવહન (ટ્રાફીક)માં શિસ્તતાનો અભાવ જોવા મળે છે. દરેક વ્યક્તિ ખૂબ જ વ્યસ્તતાના હિસાબે ઘડિયાળનાં કાંટાની પાછળ સતત ભાગમાં જોવા મળે છે અને ડગલે ને પગલે કાયદાનું સરેઆમ ઉલ્લંઘન કરતાં જોવા મળે છે. પરિણામ સ્વરૂપ અકસ્માત, જાન-માલની હાની હાલાકી-પરેશાની તથા પારાવાર મુશ્કેલીઓ. લોકો પોતાના વાહનો બેફામ પૂરઝડપે હંકારતા જોવા મળે છે. તથા સામાન્ય સુરક્ષા નિયમોનું પાલન જ નથી કરતાં. જેમ કે દ્વી ચક્રી વાહન ચાલક તથા સાથી મુસાફરે હેલ્મેટ પહેરવી ફરજીયાત હોવા છતાંય ન પહેરવી કે ગાડી-મોટર-ટ્રક ચાલકે સીટ બેલ્ટ સુરક્ષા પટ્ટી બાંથવી અત્યાવશ્યક હોવા છતાંય ઘણીવાર શરતચૂક-રઘવાટ કે સમયની મારામારી જે ગણેતે ફક્ત ૧ મીનીટનું કામ અને પરિણામ સ્વરૂપ કેટલી બધી મુશ્કેલીઓ અને પારાવાર તકલીફો.

કદાચ અમેરીકા-બ્રિટન જેવી યુરોપીય દેશો જેવી પરિવહનનની સિસ્તતા આખાય વિશ્વમાં જડવી મુશ્કેલ છે.

આથી જો ખરેખર આપણે સહુએ આ બધા બચવું હોય તો આ રહ્યા પરિવહનનાં ખૂબ જ સામાન્ય સાવચેતીના નિયમો કે જેનું દરેક વ્યક્તિએ હંમેશા પાલન કરવું જ રહયું.

૧) હંમેશા હેલ્મેટ પહેરો - સુરક્ષા પટ્ટી જરૂરથી બાંધો.

૨) ક્યારેય બાંધેલી ઝડપ કરતાં વધુ ઝડપે વાહન ન હંકારો.

૩) ક્યારેય નશો કે અન્ય ચીજવસ્તુઓનું સેવન કરીને વાહન ન હંકારો.

૪) સડક પાર કરતાં બાળકો વડિલ વૃધ્ધો કે અન્ય નાગરિકોની સુરક્ષાનો ખ્યાલ રાખીને જ વાહન હાંકો.

૫) જરૂર પડયે સુરક્ષા વાહનો જેવાં કે પોલીસ કાર, એમ્બ્યુલન્સ કે અગ્નિશામક વાહનોને આગળ જવા રસ્તો આપો, જરૂર પડયે એક બાજુ વાહન થોડીક ક્ષણો માટે ઉભું રાખી દો. અગર સ્કૂલ બસ બાળકોને બસમાંથી ઉતારતી હોય તો ક્યારેય સ્કૂલ બસને ઓવરટેક ન કરતાં થોડીક ક્ષણોતેની પાછળ રાહ જુઓ.

૬) વાહન ચલાવતાં ક્યારેય ખોટી રીતે ઓવરટેક ન કરો કે વગર જરૂરે હોર્ન ન મારો કે જેથી વાતાવરણ ધ્વની પ્રદુષિત થાય.

૭) આપના વાહનોનું નિયમિત તાંત્રિક પરિક્ષણ કરાવતાં રહો કે જેથી ક્યારેય રસ્તામાં વાહન ન ખોરવાય કે આપનો મહામૂલો સમય ન વેડફાય.

૮) ક્યારેય પણ ઓવરટેક કરતાં કે અન્ય સમયે જરૂરી સંકેત જરૂરથી આપો કે જેથી અન્ય વાહન

ચાલકને આપણી ગતિવિધિનો ખ્યાલ આવે અને આકસ્મીક અકસ્માતનો ભય ટળે.

૯) ખાસ અગત્યની વાહન બને તો વાહન ચલાવતાં મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવો તથા અંતમાં ખાસ... ટીનએજ તરૂણો તરૂણીઓ માટે...

૧૦) ક્યારેય પણ વાહન ચલાવતાં મેકઅપ જેમ કે નેઈલપોલીસ-લીપસ્ટીક તથા મસ્કરા વગેરેનો ઉપયોગ બીલકુલ ન કરવો. મોબાઈલ દ્વારા એસ.એમ.એસ. કે ટેક્સ મેસેજ પાઠવવાનું ટાળો.

**ધ્યાનમાં રાખો કે આપની સાવચેતી**
**એ અન્યની જીંદગી છે.**

૧૧) રાહદારીઓ ખાસ ધ્યાન રાખે કે ક્યારેય સડક પાર કરતી વખતે ચારેતરફ નજર ફેરવી સાવચેતી પૂર્વક સડક પાર કરવી જેથી કોઈ વાહન ચાલકને છેક અંત સમયે બ્રેક ન મારવી પડે. કારણકે એકાએક બ્રેકનાં ઉપયોગથી વાહન બેકાબૂ થતાં અકસ્માતનો ૧૦૦ ટકા ભયન રહે છે કે જેથી જાનમાલનું નુકસાન થાય છે.

હંમેશા સજાગતા-જાગૃકતા તથા સાવચેતી રાખવી અત્યંત જરૂરી છે. સાવધાન યમદૂત હંમેશા આપણી આજુબાજુ ચોતરફ સતત તેઓનાં શિકારની સોધમાં જ હોય છે. કોણ જાણે ક્યારે કાળ કોને ભરખી જાય તે કોઈ જાણતું નથી.

અંતમાં

વ્યક્તિની સફળતાએ સાવધાની-સજાગતા તથા સાવચેતીમાં સમાયેલી છે.

અકસ્માત વખતે ઘાયલને ચિકિત્સાને પ્રાર્થમિક્તા આપવી જરૂરી હોવાથી અકસ્માત સ્થળેથી પસાર થતાં જરૂરથી થોડો સમય ફાળવી મદદરૂપ બનવાની કોશીષ જરૂરથી કરવી. ક્યારેક થોડીક સાવધાની તથા સમય સૂચકતા કોઈને જાન બચાવવામાં ખૂબ જ અત્યંત જરૂરી બની જાય છે. પોલીસથી ડરવાની કોઈ જ જરૂરત નથી.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા આયોજીત
# ''જનસાથી ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ વર્ષ-૨૦૧૫-૧૬''

**જનસાથી ક્રિકેટ ટુર્નામેન્ટના નિયમો નીચે મુજબ છે.**

૧) ફોર્મ ભરવાની આખરી તારીખ : ૨૯-૯-૧૫ને શનિવાર સુધીની રહેશે.

૨) ઉપર જણાવેલ આખરી તારીખ પછી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

૩) ફોર્મ મેળવવાના સ્થળ અને સમય નીચેમુજબ છે.

એ) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, ૨જે માળે મુબંઈ - ૪૦૦૦૦૪, ટે.ન.:૨૩૮૮૭૦૦૬
સોમ થી શુક્રવાર સમય બપોરે ૩.૦૦ થી ૭.૦૦ સુધી
રવિવાર સમય : સવારના ૧૦.૩૦ થી ૧૧ વાગ્યા સુધી (બુધવાર બંધ)

બી) શ્રી ચિરાગ પરીખ :
ટવીસા એન્કેસ, ઓફ એ.આર. સ્ટ્રીટ, મુંબઈ - ૩, મોબાઈલ : ૯૮૨૧૫૭૪૮૫૬

સી) શ્રી અલ્પેશ ધારીઆ
ભારત એસ્બેસ્ટોસ, ૧૩૭, નારાયણ ધ્રુવસ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફલોર. મુંબઈ - ૩, મોબાઈલ: ૯૮૩૩૮૬૭૬૦૧

૪) જનસાથી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧-૮-૨૦૦૦ પહેલાની જન્મતારીખના પ્લેયરોના ફોર્મ સ્વીકારવામાં આવશે. ૧૬ વર્ષથી નીચેના પ્લેયરોનું સીલેક્સન ક્રિકેટ કમિટી નક્કી કરશે.

૫) વહેલા તે પહેલાના ધોરણે ફક્ત ૬૮ પ્લેયરોના ફોર્મ સ્વીકારવામાં આવશે.

૬) સમગ્ર ટુર્નામેન્ટ માટે વ્યક્તિદીઠ પ્લેયરની ફી રૂા. ૨૦૦૦/- રાખેલ છે. પરંતુ સચીવાલય અથવા ઓવલ મેદાન પર મેચ રમાડવામાં આવશે તો વ્યક્તિદીઠ પ્લેયરની ફી ૧૫૦૦/- લેવામાં આવશે. વધેલા ૫૦૦ રૂા. પાછા આપવામાં આવશે.

૭) ટુર્નામેન્ટ દરમ્યાન બપોરનું ભોજન, અમ્પાયર અને સ્કોરરની વ્યવસ્થા કરેલ છે.

૮) સમગ્ર ટુર્નામેન્ટમાં દરેક મેચ વખતે પ્લેયરે ૯.૩૦ વાગ્યે ગ્રાઉન્ડ ઉપર આવી જવાનું રહેશે. ૧૦.૧૫ વાગ્યા પછી કોઈ પણ પ્લેયર ગ્રાઉન્ડ ઉપર આવશે તો તેને તે મેચ માટે રમાડવામાં આવશે નહીં.

૯) કોઈપણ પ્લેયરને ગ્રાઉન્ડ અથવા મેચ છોડીને જવુ હશે તો તેને ક્રિકેટ કમિટીની પરમીશન લેવી પડશે.

૧૦) દરેક પ્લેયરે મેચ દરમ્યાન ફરજીયાત સફેદ પેંટ, સફેદ શર્ટ અથવા ટીર્શટ, સફેદ મોજા, સફેદ બુટ, પહેરવાના રહેશે.

૧૧) દરેક મેચ ૪૦-૪૦ ઓવરની રહેશે, અને જો મેચ ટાઈ થશે તો તે મેચનો નિર્ણય રન-રેટના આધારે આપવામાં આવશે.

૧૨) દરેક મેચ દરમ્યાન એક બોલરને ૯ ઓવર સુધીની પરમીશન મળશે.

૧૩) પ્લેયરે ફોર્મ ભરતી વખતે તેની પોતાની આવડત

જેવી કે (બોલર, બેટ્સમેન, ઓલરાઉન્ડર વીકેટકીપર) તે ખાસ જણાવવાનું રહેશે. અને પોતાનો મોબાઈલ નંબર ઓફીસનો અને ઘરનો ફોન નંબર જણાવવાના રહેશે.

૧૪) કોઈપણ પ્લેયરને કોઈ ખાસ કારણસર ગ્રાઉન્ડ પરથી બહાર જવાનું થાય અને બે (૨) કલાકમાં પાછું આવવાનું હોય તો તે પ્લેયરને કન્વીનર પોતાની ટીમના કેપ્ટન, અને સામેની ટીમના કેપ્ટને ફરજીયાત સમજાવવા પડશે.

૧૫) ઉપરોક્ત જણાવેલ બધાજ નિયમોની ફેરબદલી કરવાનો અધિકાર શ્રી બાલાસિનોર નવયુવક સંઘને રહેશે.

૧૬) ક્રિકેટ કમિટીએ ખાસ ધ્યાન રાખશે કે બધી મેચો શનિવાર અને રવિવારે રમાડવામાં આવે પણ કોઈ કારણસર ગ્રાઉન્ડ ન મળેતો મેચ વર્કીંગ દિવસ દરમ્યાન રમાડવામાં આવશે.

૧૭) દરેક પ્લેયરે પોતાના ફોર્મ જાતે જ ભરવાના રહેશે. ક્રિકેટ કમિટી ફોર્મ ભરવાની જવાબદારી લેશે નહીં.

૧૮) ટુર્નામેન્ટના ફોર્મ આપણી વેબસાઈટ Vadsol.org ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

૧૯) દરેક ફોર્મ શ્રી બાલાસિનોર નવયુવક સંઘના નીતીનિયમો મુજબ સ્વીકારવામાં આવશે.

૨૦) ઉપરોક્ત નીયમોમાં કોઈપણ પ્લેયરને કાંઈ પણ જાતની વધારાની માહિતી જોઈતી હોય તો તે નીચે જણાવેલ ક્રિકેટ કમિટીના કન્વીનર શ્રી ચિરાગ પરીખને ફોન કરી મેળવી લેવી.

**શ્રી ચિરાગ પરીખ - સંયોજક - ૯૮૨૧૫૭૪૮૫૬,**

**શ્રી ભાવેશ મોદી -મંત્રી**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

**ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર**

## દિવાળી પર્વ આર્થિક રાહત યોજના

સતત પાચમાં વર્ષે આર્થિક સહાય લેતા કુટુંબોને સંસ્થા તરફથી આ યોજના હેઠળ સહાય આપવામાં આવશે.

મુંબઈ વસતા કુટુંબોને તા. ૨-૧૧-૧૫ થી ૭-૧૧-૧૫ સુધી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી કામકાજના સમયે બપોરે ૧૨.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન સહાય આપવામાં આવશે.

બહારગામ વસતા કુટુંબોને મનીઓર્ડર મારફતે સહાય મળશે.

બાલાસિનોર ખાતે વસતા કુટુંબોને શ્રી મણીકાંત કડકીઆ મારફતે સહાય આપવામાં આવશે.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

**સંયોજક : શ્રી દિપક નવનીતલાલ શાહ**

## દિવાળી બક્ષિસ (રજત જયંતી)

પ્રતિ વર્ષ દિવાળી નિમિત્તે એક અનામી દાતા તરફથી આર્થિક અથવા અન્ન સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ રૂા. ૫૦૦/- આપવામાં આવે છે. આ વર્ષે પણ આ બક્ષિસ તા. ૨-૧૧-૧૫ થી ૭-૧૧-૧૫ સુધી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી આપવામાં આવશે.

મુંબઈ બહાર રહેતા કુટુંબીઓને મનીઓર્ડરથી અને બાલાસિનોર રહેતા કુટુંબીઓને શ્રી મણીકાંત કડકીઆ મારફતે આપવામાં આવશે.

**- રજનીકાંત કાંતીલાલ કડકીઆ (લટકારી)**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત

# ''ચાલો બાલાસિનોર વર્ષ - ૨૦૧૫-૨૦૧૬''

**''ચાલો બાલાસિનોર'' દરમ્યાન વિવિધ દિવસના પ્રોગ્રામની માહિતી નીચે મુજબ છે.**

**૧) તા. ૯-૧૧-૧૫ (ધનતેરસ)**

બાલાસિનોર લાયન્સ કલબ હોલ ખાતે રાત્રીના ૯ થી ૧૨ વાગ્યા સુધી. 'મ્યુઝીકલ હાઉસી' પ્રોગ્રામનું આયોજન કરેલ છે જેમાં વહેલા તે પહેલાના ધોરણે ૧૫૦ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવશે. વ્યક્તિદીઠ એક ટિકીટ આપવામાં આવશે. જેનો ટિકીટ દર રૂા. ૨૫/- રાખેલ છે.

ઉપરોક્ત પ્રોગ્રામમાં નામ નોંધાવવા માટે નીચે જણાવેલ સ્થળ પર સંપર્ક કરવો.

શ્રી સૌમીલ મોદી - ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, ફોન નંબર - ૨૩૪૦૦૫૦૨,

સમય : બપોરે ૧૨.૦૦ થી ૬.૦૦ વાગ્યા સુધી, તા. : ૨૬-૧૦-૧૫ થી ૩૧-૧૦-૧૫

**૨) તા. ૧૦-૧૧-૧૫ (કાળી ચૌદસ)**

બાલાસિનોર જનસાથી ગ્રાઉન્ડ ઉપર ક્રિકેટ મેચનું આયોજન કરેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

**૧) પ્રથમ મેચઃ વયમર્યાદાઃ** ૧૪ થી ૨૫ વર્ષ (૧૫/૨૦ ઓવરની મેચ), **સમય :** સવારના ૯ થી ૧૨ વાગ્યા સુધી.

**૨) દ્વિતીય મેચઃ વય મર્યાદા :** ૨૫ થી ૫૦ વર્ષ (૧૫/૨૦ ઓવરની મેચ), **સમયઃ** બપોરના ૧ થી ૪ વાગ્યા સુધી

**ઉપરોક્ત પ્રોગ્રામમાં જેને નામ નોંધાવવાના હોય તે નીચે જણાવેલ સ્થળ પર સંપર્ક કરવો.**

શ્રી ચિરાગ પરીખ - ૯૮૨૧૫૭૪૮૫૬

ટવીસા એન્કેસ ૨૨, પીંજારા લેન, ઓફ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૩

ઉપરોક્ત પ્રોગ્રામ માટે રૂા. ૧૦૦ એન્ટ્રી ફી રાખેલ છે. જે રીફન્ડેબલ રહેશે.

**૩) તા. ૧૦-૧૧-૨૦૧૫ (કાળી ચૌદસ)**

હોળી ચકલા યુવક મંડળ તરફથી તા. ૧૦-૧૧-૧૫ના રોજ રાત્રીના ૯ થી ૧૨ વાગ્યા સુધી હોળીચકલે ગરબાનું આયોજન કરેલ છે.

**૪) તા. ૧૧-૧૧-૨૦૧૫ (દિવાળી)**

શ્રી બાલાસિનોર લાયન્સ કલ્બ હોલ ખાતે સવારે ૧૦ વાગ્યે Quiz Contest નું આયોજન.

ડૉ. રાકેશભાઈ અને ડો. ભ્રુંકુટીબેન શાહ દ્વારા કરવામાં આવશે. જેમાં ફક્ત 15 Pairs. લેવાની છે Pair ફેમીલીના સંભ્યોની બનાવવાની રહેશે. ૧૦ વર્ષથી ઉપરનું બાળક + બીજું ફેમીલી મેમ્બર.

## Tentative Format

- જનરલ નોલેજ
- કરન્ટ અફેર્સ
- ફીલ્મ
- સ્પોર્ટસ

- ઓડીયો/વિઝયુઅલ
- રેપીડ ફાયર
- સ્પેલીંગ - હિન્દી, ગુજરાતી, ઈંગ્લીશ
- ડમ્બ શેરાડ્સ
- એબ્રીવેશનના ફુલ ફોર્મશ
- બાલાસિનોર ગામને લગતા પ્રશ્નો.

બધા જ પાર્ટીસિપેન્સ ને ટોકન ગીફટ તથા જીતનાર ત્રણ ટીમને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ આપવામાં આવશે.
આ રમતમાં ભાગ લેવા માટે વહેલો તે પહેલો ધોરણે નામ નોધાવવા માટે નીચે જણાવેલ સ્થળ પર સંપર્ક કરવો. એન્ટ્રી ફી રૂા. ૧૦૦ રીફન્ડેબલ રહેશે.
શ્રી સૌમીલ મોદી, ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, સમય : ૧૨ થી ૬, તા.: ૨૬-૧૦-૧૫ થી ૩૧-૧૦-૧૫, ફોન : ૨૩૪૦૦૫૦૨

**૫. તા. ૧૨-૧૧-૨૦૧૫ (બેસતુ વર્ષ)**

ઉપરોક્ત દિવસે શ્રી સીધનાથ પાર્ટી પ્લોટ (સલીયાવડી દરવાજા) ખાતે રાત્રીના ૯ થી ૧૨ વાગ્યા સુધી. ઓર્કેસ્ટ્રા સાથે દાંડીયા રાસના પ્રોગ્રામનું આયોજન કરેલ છે.

**નોંધઃ**

૧) જેઓએ 'ચાલો બાલાસિનોર' પેકેજમાં ભાગ લીધો છે તેઓની ટિકીટ, જમવાના પાસ અને બસ નંબરની કુપન નીચે જણાવેલ સ્થળેથી પ્રાપ્ત કરવા.

શ્રી સૌમીલ મોદી- શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ, ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, ટેલફોન નં.: ૨૩૪૦૦૫૦૨, સમય : બપોરના ૧૨ થી ૪ વાગ્યા સુધી, તા. ૨૬-૧૦-૧૫ થી ૩૧-૧૧-૧૫ સુધી.

૨) જેઓ પોતપોતાની રીતે વતનમાં 'ચાલો બાલાસિનોર' પ્રોગ્રામમાં સામેલ થવાના છે તેઓ એ જમવાના પાસ નીચે જણાવેલ સ્થળેથી પ્રાપ્ત કરવા.

વ્યક્તિ દીઠ એક દિવસના જમવાના પાસનો દર રૂા. ૨૫૦/- રાખેલ છે.

શ્રી સૌમીલ મોદી - શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ

૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, ફોન નંબર : ૨૩૪૨૦૦૫૦૨, સમય : બપોરના ૧૨ થી ૪ વાગ્યા સુધી,

તા. ૨૬-૧૦-૧૫ થી ૩૧-૧૦-૧૫ સુધી.

૩) છેલ્લા દિવસે જમવાના પાસ આપવામાં આવશે નહીં.

૪) ટીફીનની વ્યવસ્થા સદંતર બંધ છે.

**મંત્રી : શ્રી ભાવેશ મોદી - ૯૮૬૯૦૮૦૨૮૭**

**સંયોજક : શ્રી જીગર કડકીઆ - ૯૮૨૦૩૩૧૫૩૫**

**સહસંયોજક : શ્રી અલ્પેશ ધારીઆ - ૯૮૩૩૮૬૭૬૦૧**

## વાડાસિનોર પ્રગતિ સમાજ
## કો.ક્રે.સો.લીમીટેડ

### ડીવીડન્ડ અંગે અગત્યની સુચના

૧) ૨૯મી વાર્ષિક સામાન્ય સભામાં જાહેર થયા મુજબ સોસાયટી દ્વારા ડીવીડન્ડના વાઉચર તા. ૨૦-૮-૧૫ થી આપવામાં આવેલ છે. સૌ સભ્યોને વિનંતી કે તેઓ પોતાના ડીવીડન્ડના વાઉચર સોસાયટીમાંથી ૧૨ થી ૪ના સમય દરમ્યાન વહેલામાં વહેલી તકે મંગાવી લેવા.

૨) જે કોઈ સભ્યોએ K.Y.C. ફોર્મ જમા ન કરાવ્યા હોય તેઓને વિનંતી કે વહેલામાં વહેલી તકે જમા કરાવીને પોતાનું ડીવીડન્ડ મેળવી લેવું.

૩) સોસાયટી દ્વારા જારી થયેલા ૧૦૦ રૂ.ના નવા શેરો જે કોઈ સભ્યોએ બદલાવીને લીધા ન હોય તેઓને વિનંતી કે વહેલામાં વહેલી તકે બદલાવી લેવા અને તેમનું ડીવીડન્ડ મેળવી લેવું.

---

**હાલમાં ફેરબદલ કરેલા વ્યાજના દરો નીચે મુજબ છે.**

આ વ્યાજના દરો તા. ૨૬-૮-૧૫થી અમલમાં આવેલ છે.

**રીકરીંગ ડીપોઝીટમાં વ્યાજના દરો**

| | |
|---|---|
| ૧ વર્ષ થી ૨ વર્ષની અંદર | ૬.૭૫ ટકા |
| ૨ વર્ષ થી ૩ વર્ષ | ૭.૭૫ ટકા |

| **ફીક્સ ડીપોઝીટમા** | **વ્યાજના દરો** | **સીનીયર સીટીઝન** |
|---|---|---|
| ૧થી૨ વર્ષની અંદર | ૬.૭૫ ટકા | ૭.૨૫ ટકા |
| ૨ વર્ષ સુધી | ૭.૭૫ ટકા | ૮.૨૫ ટકા |


**- વાડાસિનોર પ્રગતિ સમાજ**
**કો.ક્રે.સો.લી.ના કારોબારી વતી**

✣✣✣✣✣✣


શ્રી સુકેતુ આર. મોદી (સી. લાઈટ) ના જે જે શ્રી ગોકુલેશ

## ચૉકલેટ્સ

### ‘ગ’’ થી શરૂ થતી વિગત ઉકેલો :-




૧) બાલાસિનોરવાળાની દાળનો સ્વાદ
૨) નેતાના આવવાથી પક્ષમાં ફેલાયો.
૩) બાબુમોશાય તમારા સિલીંગમાંથી પાણી ગળે છે.
૪) છોડના મૂળવાળું ખાટા પાણીનું અથાણું.
૫) ગરજનો માર્યો
૬) બહુ મોટો અકસ્માત
૭) ગદા ને ધારણ કરનાર
૮) જગતના રાજા કેવા હોય ?
————- બાપ્પા જેવા હોય.

જવાબ : (૧) ગળચટ્ટો (૨) ગરમાટો (૩) ગળતર (૪) ગરમર (૫) ગરજાઉ (૬) ગમખ્વાર (૭) ગદાધારી (૮) ગણપતિ.

## હીંડોળા ખાટ ‘ગણેશ’ના બીજા નામ

૧) ગણ, સમૂહનો રાજા - ....................
૨) વિઘ્નોને હરનારા દેવ - ....................
૩) જેનું પેટ મોટું છે તેવા દેવ - ....................
૪) હાથી જેવા દેખાતા દેવ - ....................
૫) હાથી જેવા કાનવાળા દેવ - ....................

જવાબઃ ૧) ગણપતિ ૨) વિઘ્નહર્તા ૩) લંબોદર ૪) ગજાનન ૫) ગજકર્ણક

## મોહે રંગ દે



## ના કહેવાય ના સહેવાય

**વાળ ખરતા અટકાવવા:**

૧) લીંબુના રસમાં બમણું નારિયેલતેલ મેળવી વાળના મૂળમાં લગાડી અડધો કલાક પછી વાળ ધોઈ નાખવા.

૨) વાળની કોઈ પણ તકલીફ માટે ૧ ચમચી નાળિયેર તેલ, ૧ ચમચી ફુલાવેલો ટંકણખાર, ૩ ચમચી દહિં મેળવીને વાળ પર લગાડી અડધાકલાક પછી માથુ ધોઈ નાખો.

**નોંધઃ ઉપર્યુક્ત પ્રયોગ આયુર્વેદિક વૈદ્ય, ડૉકટરની સલાહ મુજબ કરવો.**

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

**પ્રિય વૈષ્ણવો,**

જણાવતાં હર્ષ થાય છે કે ઉપરોક્ત સમાજના નેજા હેઠળ પ્રતિ વર્ષ ઉજવવામાં આવતા શ્રી મહાઓચ્છવ તથા શ્રી ફગવા ઉત્સવના 'પુરસ્કૃત' દાતાઓ માટે આ અગાઉ જ્યોતિપુંજમાં નાખવામાં આવેલી ટહેલને બે સખીદીલ દાતાઓ તરફથી સુંદર પ્રતિસાદ મળ્યો છે. બન્નેને અભિનંદન..

**અન્ય ઉત્સવો**

સમાજ તરફથી માર્ગના બીજા નીચેના પાંચ ઉત્સવો પણ નવા મંદિરમાં રાત્રે વર્ષોથી ઉજવવામાં આવે છે. પરંતુ રાત્રીનો સમય અને તદ્દન પાંખી હાજરી રહેવાથી અને બીજા ઘણા બધા વૈષ્ણવોને આનો લાભ મળે તે હેતુથી નીચેના પાંચ ઉત્સવોને આનો લાભ મળે તે હેતુથી નીચેના પાંચ ઉત્સવોના મનોરથી બનાવી મનોરથીના ઘરે ધામધૂમથી ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

૧) શ્રી કનૈયા પ્રભુનો પાટોત્સવ (કારતક વદી ૧૧)
૨) શ્રી ઘન ઘન છઠની રાત (માગસર સુદી ૬)
૩) શ્રી ગુસાઈજીના પ્રાક્ટય ઉત્સવ (માગસર વદી ૯)
૪) શ્રી મહાપ્રભુજીનો પ્રાકટય ઉત્સવ (ચૈત્ર વદી ૧૧)
૫) શ્રી ગોકુલેશ પ્રભુનો વિવાહ ઓચ્છવ (જેઠ વદી ૨)

**આ માટેની આચાર સંહિતા.**

૧) રૂા. ૧,૦૦,૦૦૦/- એક લાખ કે તેથી વધુ રકમ જે વૈષ્ણવ આપશે તે આ ઉત્સવનો મનોરથી થશે.
૨) ઉત્સવ આજીવન છે.
૩) ઉત્સવ પ્રસંગે મનોરથીનું ઉચિત સન્માન કરવામાં આવશે.
૪) આ ઉત્સવ મનોરથીના ઘરે ઉજવવામાં આવશે.

જે વૈષ્ણવને આનો લાભ લેવો હોય તેઓએ એક સીલબંધ કવરમાં અંદર પૂરૂનામ, સરનામું, ફોન નંબર, ઉત્સવનું નામ અને રકમ સ્પષ્ટ અક્ષરે લખીને તા. ૩૦-૧૦-૧૫ પહેલા નીચેના સરનામે પહોંચાડવું. કવર ઉપર પોતાનું નામ કે રકમ કંઈ લખવું નહીં.

**નામઃ નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર)**
૨૯/૩૦ કે.એમ.મુનશી માર્ગ
૬/૨૫ કૃષ્ણ કુંજ, મુંબઈ - ૪૦૦૦૦૭
ટે.નં.: ૨૩૬૧૩૭૯૫-૯૯૩૦૪૩૩૨૩૧

જેની રકમ સહુથી વધુ હશે તેનું નામ મનોરથી તરીકે જાહેર કરવામાં આવશે. એક સરખી રકમના એકથી વધારે કવરો આવશે તો ચિઠ્ઠીઓ નાખવામાં આવશે.

**મંજુલ શૈલેષ ધારીઆ, મંત્રી**

**નોંધઃ જ્યોતિપુંજમાં પ્રગટ થતી જાહેરખબરો તથા અન્ય સંસ્થાઓના સમાચારો વ્યક્તિગત વિગતો માટે અમે જવાબદાર નથી.**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
**શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત**

# મહિલા વિભાગ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગના ઓક્ટોબર મહિનાના કાર્યક્રમની જાહેરાત તા. ૨૪-૧૦-૧૫ શનિવારે બપોરે ૨.૩૦ કલાકે હિન્દી વિદ્યાભવન ખાતે નવરાત્રીનો રાસગરબાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેના પાસના ૬૦ રૂપિયા અને લહાણીના ૧૦૦ રૂપિયા રાખવામાં આવ્યા છે. પાસ ૩-૧૦-૧૫ શનિવારે ૩ થી ૪ દરમિયાન સંસ્થાની ઓફિસમાં આપવામાં આવશે. લહાણીના પાસ માટે મેમ્બર કાર્ડ જરૂરી છે. આ પાસ કોઈ પણ કમિટી મેમ્બર પાસેથી પણ મેળવી શકશો. **- સંયોજક અમી ધારીયા.**

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડિકલ ટ્રસ્ટ, ચોપાટી

**પ્રિય વડીલો અને મિત્રો,**

### જરૂરીઆતમંદ પેશન્ટો માટે મેટ્રોપોલીસનું સ્પેશીઅલ પેકેજ

**મેટ્રોપોલીસના સહકારથી નીચે મુજબનાં પેકેજનું આપણાં જ્ઞાતિજનો માટે ખૂબ જ કિફાયત ભાવે નક્કી કરવામાં આવેલું છે.**

| પેકેજનું નામ | લોહીનાં ટેસ્ટોની વિગતો | પેકેજની કિંમત |
|---|---|---|
| Body Prole | CBC, URINE ROUTINE, APOLIPOPROTEINS B/A1, T3 T4 TSH, VITAMIN B12, VITAMIN D3, FBS, CPK, LDH, SGOT, SGPT, HDL, TOTAL PROTEIN, ALBUMIN, GLOBULIN, TOTAL BILIRUBIN, DIRECT & INDIRECT BILLIRUBIN, CHOLESTROL, TRIGLYCERIDES, ALK. PHOSPHATASE, CALCIUM, P, BUN, CREATININE, URIC ACID, SODIUM, POTTASIUM, CHLORIDE, BIACARBONATE, GGTP & AMYLASE | ` 3720.00 |

૧) આપ સેન્ટર ઉપર આવી આપણાં ટેક્નીશિયન દ્વારા લોહીનાં સેમ્પલ આપી શકશો.
૨) અગર ચાહો તો એક દિવસ પહેલાં સેન્ટર ઉપર નામ લખાવી, પેમેન્ટ કરી, **Free Home Visit**ની સુવિધાનો લાભ પણ લઈ શકો છો.
૩) ઉપરનાં પેકેજ મુજબનાં ટેસ્ટો માટે બાર કલાકનું ફાસ્ટીંગ જરૂરી છે.
૪) જરૂરીઆતમંદ બાલાસિનોરવાસીઓને **request** છે કે વહેલામાં વહેલી તકે ઉપરનાં પેકેજનો લાભ લઈ સંસ્થાને તથા તમારી જાતને મદદ કરી શકો છો.

શ્રી વી. ડી. એન. એમ. મેડીકલ ટ્રસ્ટ કારોબારી સમિતિ વતી
પંકજ ધારિયા (૯૮૨૧૦૨૮૭૬૨)

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

1) Kadakia Kirti Hiralal (Latkari)
Gandhi Bhuvan, 13th Floor,
Block No. 1304, Chunam Lane
Lamington Road, Grant Road, East,
Mumbai - 400007

3) P.R.Dharia & Asscoiate
A.D.Dharia & Associate
Bldg No. 146-B, N.M.Joshi Marg,
Opp. Fish Market
Lower Parel
Mumbai - 400013

4) Prakash Ramanlal Dharia
701, 7th Floor, Suraj Bang C.H.S.
J.K.Mehta Road,
Next to Hindu Stree Mandal
Santacrus West,
Mumbai - 400054

5) Shirish Jagmohandas Parikh (Chagaram)
Aaditya Avenue
Co-Op.Housing Society Ltd.
"A" wing, 9th Floor, Flat No. 902
Topiwala Wadi 224-A,
V.P.Road, Mumbai - 400004
Mobile : 9869163305

6) Gaurang Natwarlal Parikh
23, Blue Gardenia
7th Floor, Opposite Jindal House,
Dr. Gopalrao Deshmukh Marg,
Peddar Road, Mumbai - 400026
Tel: 23529485

7) Bipin Occhavlal Shah
401, Raghuvansh -2, Ishwar Bhavan Lane,
Nr. Audit Bhavan, Navrangpura
Ahmedabad - 380009
Cell No.: 09714064595
Residence: 079-26400667

8) Desai Nimish Nalin
Flat No. 133, 5th Floor,
Sahakar Niwas, 20,
Tardeao Road
Mumbai - 400034

9) Dharia Alok Sharad (Sheherawala)
Simul Dharia, 6/3, Monore Building,
King Of Pryssia, 19406 Pennsylvania
Ph: Alok : 5182533740
Smul : 5183640628

## ટેલી ફોન નંબર

Mody Kanchan Kantilal (Lokhandwala)
Mody Hamal Kanchan
Home: 022-40059991
Mobile: 9224018478

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| ગિરીશભાઈ કાંતિલાલ મહેતા (પડાલવાડા) | ૬૭ |
| જીગર નીતીન દેસાઈ | ૩૫ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**